ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# વસંત વગડે લગ્નની શરણાઈઓ ગુંજી

## રાજકીય, શૈક્ષણિક, સહકારી, ઉદ્યોગ, ઉચ્ચ અધિકારીઓ અને અનેકવિધ ક્ષેત્રના નામાંકિતોની હાજરીમાં ઉજવાયો લગ્ન સમારોહ



ગાંધીનગર, તા. ૬

એક ઊંચો તે વર ના જોશો દાદા... ઊંચો તે વર નીચા તોરણ તોડશે... દિકરી મારી લાડકવાયી દેવની દીધેલ છે... જેવા ગીતો સાથે સંગીતના સાતેય સ્વરો આજે ગાંધીનગર શહેરના સીમાડે આવેલ વસંત વગડામાં ગુંજી ઉઠ્યા હતા.

વસંત વગડો એટલે ભાજપના રાજ્ય એકમના સ્થાપકો પૈકી એક સ્વ. વસંત ગજેન્દ્ર ગડકરની મિત્રતા સાથેની સ્મૃતિમાં બનેલું વિપક્ષી નેતા શ્રી શંકરસિંહ વાઘેલાનું નિવાસ સ્થાન.

ગાંધીનગર-રાંધેજા માર્ગ પર આવેલ આ નિવાસસ્થાન પર આજે યોજાયેલ સમારોહમાં આજે રાજ્યના ખૂણેખૂણેથી અને રાજ્યના તમામ આગેવાનોની ઉપસ્થિતિમાં ઉજવાયા હતા.

શંકરસિંહ વાઘેલાના જયેષ્ઠપુત્ર અને ધારાસભ્ય શ્રી મહેન્દ્રસિંહ વાઘેલાની દિકરી મિતાલી એટલે વાઘેલા પરિવારની આ લાડલીનું લગ્ન આજે હતું.

લગ્નના આયોજનની તૈયારીમાં ઘરના સર્વે સભ્યો ઉપરાંત સ્નેહીજનો, શુભેચ્છકો અને આગેવાનોએ ભેગા મળી લાગ્યા હતા અને આ લગ્ન ભવ્યાતિભવ્ય થયું હતું.

દિકરીના દાન ઘરના ઓટલે દીધા અને સાજન-માજનને આતિથ્યની ભીનાશથી ભીંજવી આ લગ્ન યાદગાર બનાવાયા હતા.

રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર શ્રી એહમદભાઈ પટેલ, પ્રદેશ કોંગ્રેસના પ્રભારી ગુરૂદાસ કામત, પ્રદેશ પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયા, આરોગ્યમંત્રીશ્રી નીતિન પટેલ, કૃષિ અને શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, કેન્દ્રીય મંત્રીશ્રી દિનશા પટેલ, પૂર્વ વિપક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલ, શ્રી કિરપાશંકર, સહિત અનેક રાજકીય મહાનુભાવો આ લગ્નપ્રસંગના સાક્ષી બન્યા હતા.

ઉદ્યોગ જગતના શ્રી ગૌતમ અદાણી, શ્રી પરિમલ નથવાણી, શ્રી સુધીર મહેતા, શ્રી પંકજ પટેલ સહિત અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

સહકારી ક્ષેત્રના શ્રી વિપુલ ચૌધરી, શ્રી નટુભાઈ પીતામ્બરદાસ પટેલ, શ્રી રામસિંહ પરમાર જેવા મહાનુભાવો ઉપરાંત ઉચ્ચ સનદી અને પોલીસ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ લગ્ન સમારોહમાં મંડપના પ્રવેશદ્વારથી લગ્ન મંડપ સુધી પહોંચવા માટે ખાસ પોલો ક્લબ કારની સુવિધા રાખવામાં આવી હતી. મંડપના પ્રવેશદ્વાર પર કચ્છના કલાકારો દ્વારા ઢોલ અને શરણાઈના સુર રેલાતા હતા તો મધ્યમાં નગારાના નાદથી મહેમાનોનું સ્વાગત કરવામાં આવતું હતું.

રાજપૂતી લેબાશમાં સજ્જ યુવાનો અને જિલ્લાના

● અનુસંધાન પાન-૭ પર



નાગરિક સંરક્ષણ - નાગરિક સંરક્ષણ દિનની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર ફાયર બ્રિગેડ દ્વારા વિવિધ નિદેર્શનો યોજાયા હતા. લોકજાગૃતિ દ્વારા નાગરિક સંરક્ષણ પ્રવૃત્તિને વધુ મજબૂત બનાવવાની દિશામાં શહેર અને રાજ્યમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. હોમગાર્ડઝ પરેડ, ટ્રાફીક નિયમન અને આપત્તિ વ્યવસ્થાપન જેવા વિષયોમાં નાગરિકોને જાણકારી અને નાગરિકો દ્વારા સામેલગીરીના સંદર્ભે કાર્યક્રમોનું આયોજન થયું હતું. (તસવીર : દિપક જાની)

# ચ-૦થી હાંસોલ સર્વિસરોડને ફોરલેન કરવા અભ્યાસ હાથ ધરાશે

## આ મામલે ટૂંકમાં એજન્સીને કામ સોંપાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર-અમદાવાદ કોરીડોરને અનુલક્ષીને ચ-૦થી હાંસોલ માર્ગ પર સ્થિત સર્વિસ રોડને ફોરલેન બનાવવા ટૂંકમાં એજન્સીને કામ સોંપવામાં આવશે. સર્વિસ રોડને ફોરલેન બનાવવા પૂરતા અભ્યાસ અને પ્લાનીંગ બાદ આગળનું આયોજન આખરી કરાશે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે ટ્રાફીકનો ધમધમાટ વધતા ટ્રાફિકની દષ્ટિએ સરળતા ઉપલબ્ધ થાય અને ઝડપથી અંતર કાપી શકાય તે માટે કોરીડોર બનાવવાનું આયોજન હજુ વિચારણા હેઠળ છે. મેટ્રો રેલ પ્રોજેકટની કામગીરીને લઈ લાંબા સમય બાદ પણ કોરીડોર બનાવવાનું આયોજન આખરી થઈ શકયું નથી. કોરીડોરના નિર્માણ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવનાર છે. જો કે આ મામલે હજુ કોરીડોરનો પ્રોજેકટ અભ્યાસ તબક્કામાં હોવાનું સત્રો જણાવી રહ્યા છે. બીજી તરફ ચ-૦ થી હાંસોલ માર્ગ પર સર્વિસ રોડને ફોરલેન બનવાના આયોજનની દીશા તરફ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ય થતી માહિતી અનુસાર સર્વિસ રોડને ફોરલેન બનાવવા આગામી દિવસોમાં અભ્યાસના અંતે પ્લાનીંગ કરવામાં આવશે. જયારે આ મામલે જરુરી અભ્યાસ હાથ ધરવા ટૂંક સમયમાં એજન્સી નક્કી કરી કામ સોંપી દેવાશે. જયારે એજન્સીના માધ્યમથી રીપોર્ટ તૈયાર થયા બાદ સર્વિસ રોડને ફોરલેન બનાવવાનું આયોજન આખરી કરાશે.

# જિલ્લાના માર્ગો પર બે લાખથી વધુ ટુ વ્હીલર દોડી રહ્યા છે !

## વર્ષ ૨૦૧૦ બાદ યુવાનોમાં બાઈકનો ક્રેઝ વધ્યો કાયદાનો ભંગ કરવામાં પણ બાઈકચાલકોની સંખ્યા વિશેષ

ગાંધીનગર, તા. ૬

છેલ્લા એક દાયકામાં વાહનોની સંખ્યા વધતા શહેરમાં હવે મેગાસીટીની જેમ ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. પીકઅવર્સમાં ટ્રાફીકજામના દશ્યો સર્જાય છે. પાર્કીંગ અને માર્ગ સલામતીનો પ્રશ્ન વધુ પેચીદો બન્યો છે. માર્ગ પર પુરપાટ દોડતી વૈભવી કાર્સની સાબેક્ષમાં બાઈકની સંખ્યા અનેકગણી વધુ જોવા મળે છે. જિલ્લાના માર્ગો પર બે લાખથી વધુ ટુ વ્હીલર દોડતા હોવાનું ધ્યાને આવ્યું છે. જ્યારે કાયદાના ભંગ બદલ બાઈચલાકો વધુ દંડાતા હોવાનું પણ સ્પષ્ટ થયું છે.

ગાંધીનગર જિલ્લાના માર્ગો ઉપર હાલમાં બે લાખથી વધુ ટુ વ્હીલર દોડી રહ્યાં છે. આરટીઓના કાયદાનો ભંગ કરવામાં બાઈકચાલકોની સંખ્યા વિશેષ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# સે.૨માં શહેરના જાણીતા વેપારીના નિવાસસ્થાને ચોરીનો નિષ્ફળ પ્રયાસ

## તસ્કરોએ મુખ્ય દરવાજાની પાસેના પાટીસન સ્વરૂપે ઉભી કરેલ કાચની દિવાલ તોડી પ્રવેશ કર્યો હતો પરંતુ વિલા મોઢે પરત ફર્યા

ગાંધીનગર, તા. ૬

શહેરના સેક્ટર-૨-એમાં રહેતા અને જાણીતા બિઝનેસમેનના મકાનમાં મોડી રાત્રે કેટલાક તસ્કરોએ ઘરફોડ ચોરીનો પ્રયાસ કર્યો હતો પરંતુ કઈ પણ વસ્તુ હાથ ન લાગતા વિલા મોઢે પાછા ફર્યા હતા. આ ચોરીના પ્રયાસ સંદર્ભે સેક્ટર-૭ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ શહેરના સે. ૧, ૨ અને ૮ જેવા પોશ સેક્ટર ગણાતા આ સેક્ટરોમાં ઉચ્ચ અધિકારી, નિવૃત્ત સનદી અધિકારીઓ, જાણીતા ઉદ્યોગપતિ અને વેપારીઓ નિવાસ કરે છે. જ્યાં છેલ્લા ઘણા સમયથી ચોરી અને ચોરીના પ્રયાસો પણ વધી ગયા છે. બે દિવસ અગાઉ જ સે. ૮માં રાજ્યના ઉચ્ચ નિવૃત્ત અધિકારીના મકાનમાં ઘરફોડ ચોરીનો પ્રયાસ થયો હતો જેના આરોપીઓ હજુ સુધી હાથ પણ નથી લાગ્યા ત્યાં તો આજે તસ્કરોએ વધુ એક ચોરીનો પ્રયાસ કર્યો હતો. શહેરના સેક્ટર-૨-એ પ્લોટ નં. ૧૨-સી ખાતે રહેતા અને સેક્ટર-૨૧ માં આવેલ પૂજા પાર્લરના માલિક જયોતિન્દ્રભાઈ વ્યાસ પોતાના પરિવાર સાથે ઘેરી નિંદ્રામાં હતા. મોડી રાત્રે શિયાળાની ઠંડી સાથે અંધારાનો લાભ લઈ કેટલાક તસ્કરો તેમના મકાનમાં ત્રાટક્યા હતા અને મકાનના મુખ્ય ગેટનું તાળુ તોડી અંદર આવ્યા હતા. બાદમાં પાર્ટીશનરૂપે ઉભી કરેલી કાચની દિવાલને તોડી મકાનના મુખ્ય ઓરડામાં પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ સમગ્ર મકાનમાં ફરી સામાન વેરવિખેર કર્યો હતો. પરંતુ કંઈ પણ ચીજવસ્તુઓ હાથ ન લાગતા વિલા મોઢે પાછા ફર્યા હતા. ચોરીના ઈરાદે આવેલા તસ્કરોને ફેરો માથે પડ્યો હતો. સવારે વહેલા જયોતિન્દ્રભાઈ વ્યાસને આ ચોરી અંગે માલુમ પડતા તુરંત સેક્ટર-૭ પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે આવી હતી અને સ્થળ પરથી જરૂરી પુરાવા એકત્રીત કરી સેક્ટર-૭ પોલીસે ઘરફોડ ચોરીના પ્રયાસ મામલે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.


## સ્થાનકવાસી જૈન બેસણું



અમારા પૂજ્ય માતૃશ્રી

**ગં.સ્વ. લીલાવંતીબેન લક્ષ્મીચંદ મહેતા**

(ઉ.વ.૮૯) તા. ૨-૧૨-૨૦૧૩ને સોમવારના રોજ અરિહંતશરણ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૮/૧૨/૨૦૧૩ને રવિવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.**

સ્થળ : શ્રી સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, પ્લોટ નં. ૫૩૩, ઢોરના ડબ્બાની પાછળ, સેક્ટર-૨૨, ગાંધીનગર

મુળરાજ લક્ષ્મીચંદ મહેતા — ડો. દિપકભાઈ લક્ષ્મીચંદ મહેતા

પ્રજ્ઞાબેન મુળરાજ મહેતા — ડો. ઉર્વીબેન દિપકભાઈ મહેતા

નિવાસસ્થાન : 'શ્રેયસ', પ્લોટ નં. ૧૩૨૬/૧, સેક્ટર-૭/ડી, ગાંધીનગર. મો. : ૯૮૨૪૨ ૬૧૦૧૧

## નવમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. કાન્તાબેન વિઠ્ઠલજી મકવાણા





**શ્રદ્ધાદીપ લેબની વિકાસયાત્રામાં મહત્વનો માઈલ સ્ટોન ઉમેરાશે**

# શ્રદ્ધાદીપ ગ્રીનક્રોસ પેથોલોજી લેબોરેટરીના નવતર સાહસનો આવતીકાલથી પ્રારંભ

## ગ્રીન હેલ્થ-૨૦૧૪ મિશન અંતર્ગત ડાયાબિટીશ, એચ.આઇ.વી., થેલેસેમિયા અને કેન્સર ડીટેક્શન પ્રત્યે લોકજાગૃતિ અભિયાન : દર મહિનાના બીજા અને ચોથા શનિવારે ડાયાબિટીશ ટેસ્ટમાં સ્પે. ડિસ્કાઉન્ટ અપાશે

ગાંધીનગર, તા.૬

પાટનગરના આરોગ્યક્ષેત્રે અગ્રેસર શ્રદ્ધાદીપ પેથોલોજી લેબોરેટરી હવે ગ્રીન ક્રોસ પેથોલોજી લેબ સાથે જોડાઇને ગાંધીનગર-અમદાવાદ ઉપરાંત ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તાર સુધી ઉત્તમ આરોગ્યલક્ષી સેવા પહોંચાડવા માટે સજ્જ થઇ રહી છે. ગ્રીન હેલ્થના મિશન હેઠળ સમાજમાં ડાયાબિટીશ, એચ.આઇ.વી., થેલેસેમીયા તેમજ પ્રિ-કેન્સર ડીટેક્શન જેવી ગંભીર બાબતો પ્રત્યે જાગૃતિ ફેલાવવાનું અભિયાન પણ લેબ દ્વારા હાથ ધરવામાં આવનાર છે.

ગાંધીનગરમાં ત્રણ દાયકા અગાઉ નાના પાયે પ્રારંભાયેલી શ્રદ્ધાદીપ પેથોલોજી લેબોરેટરી નગરના વિકાસ સાથે જરૂરિયાત મુજબ મેન-મશીનરીનો વ્યાપ વધારતા રહીને આજે અદ્યતન મશીનોથી સજ્જ નામાંકિત લેબ તરીકે શહેર-જિલ્લામાં પ્રસ્થાપિત થઇ ચુકી છે. ટાંચી સુવિધાઓ વચ્ચે સાવ સાંકડી જગ્યાએ શરૂ થયેલી વિકાસયાત્રા આજે વિશાળ ફલક પર વિસ્તરીને શહેરના મહત્વના સ્થાનો સુધી પહોંચી છે. આરોગ્યને લગતાં તમામ પ્રકારના ટેસ્ટ (પરિક્ષણ)ની સાથેસાથે જિલ્લામાં બ્લડની જરૂરિયાત તથા ઈમરજન્સીને અનુલક્ષીને શરૂ કરાયેલી શ્રદ્ધાદીપ બ્લડ બેંક પણ જનતા માટે આશીર્વાદરૂપ પુરવાર થઇ છે. આગામી ૮મી ડિસેમ્બર ૨૦૧૩થી શ્રદ્ધાદીપ ગ્રીન ક્રોસની અનોખી સેવાનો વિધિવત પ્રારંભ લેબની વિકાસયાત્રામાં એક મહત્વનો માઇલસ્ટોન બની રહેશે.

શ્રદ્ધાદીપ પરિવારના જાણીતા માઇક્રોબાયોલોજીસ્ટ શ્રી મહેન્દ્ર ગજ્જર અને ડૉ. દિનેશ રાઠોડે આ અંગે વધુ વિગતો આપતાં જણાવ્યું કે, સ્વસ્થ સમાજના નિર્માણ માટે નાગરિકોના શારીરિક સ્વાસ્થ્યની જાળવણી અનિવાર્ય છે ત્યારે શ્રદ્ધાદીપ લેબ દ્વારા વિશાળ એરીયામાં એડવાન્સ ટેકનોલોજી ધરાવતા અદ્યતન મશીનોથી સુવિધા ઉભી કરીને નગરજનોને આરોગ્યલક્ષી સેવા પુરી પાડવા ઉપરાંત શ્રદ્ધાદીપ બ્લડ બેંક કાર્યરત કરવામાં આવી છે. જર્મનીના અદ્યતન બાયોકેમેસ્ટ્રી મશીનમાં ડાયબિટીશ પ્રોફાઈલ, હાર્ટ પ્રોફાઈલ, કીડની પ્રોફાઈલ, લીવર પ્રોફાઈલ તેમજ બીજા ઘણાં બોડી પ્રોફાઈલ થાય છે. અન્ય મશીનો દ્વારા થાઈરોઈડ, **FSH, LH, Prolactin** કેન્સર માર્કર, કાર્ડીયાક માર્કર, ટોર્ચ પ્રોફાઈલ જેવા અનેક હોર્મોનલ અને ઈમ્યુનોલોજીકલ ટેસ્ટ પણ ફૂલ્લી ઓટોમેશનથી થાય છે અતિઆધુનિક વર્ઝન **E411** માં વિટામીન **B12 D3**, એલર્જી, એચઆઈવી જેવા ટેસ્ટ ઈલેક્ટ્રો કેમીલ્યુનીમીનેશનથી થાય છે. રૂટિન બ્લડ કાઉન્ટ માટે એલર્જી માટેના ઈયોસીનોફીલ કાઉન્ટ ઉપરાંત દરેક સેલના એબસોલ્યુટ કાઉન્ટ માપી શકે

● અનુસંધાન પાન-૭ પર


## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૮/૧૨/૨૦૧૩, રવિવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૧૧-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી. તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧

સહી/-
ટોરેન્ટ પાવર લિમિટેડ




શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.


# લગ્નોની સીઝન પુરબહારમાં ખીલી

## નગરના દરેક મેરેજ હોલ, સમાજની વાડીઓ, રંગમંચ અને કોમન પ્લોટમાં માંડવાઓ બંધાયા છે

ગાંધીનગર, તા. ૬

લગ્નોની સીઝન આજકાલ પુરબહારમાં ખીલી છે. ઠેર ઠેર માંડવાઓ બંધાયા છે. શહેરમાં અને શહેરની બહાર આવેલા પાર્ટીપ્લોટમાં લગ્નના માંડવાઓમાંથી લગ્નગીતોના સુર સંભળાઈ રહ્યા છે.



(તસવીર : ભાવિન પટેલ)

માંડવાઓમાં કરવામાં આવતી રોશનીથી શહેર ઝળાંહળા થઈ રહ્યું છે.

આ અઠવાડિયે શહેરમાં ખુબ લગ્નો છે. સારા મુહૂર્તની સાથે સાથે વાતાવરણ પણ એકદમ સારુ હોવાથી હાલમાં જયાં નજર કરો ત્યાં લગ્નના માંડવા દેખાઈ રહ્યા છે. શહેરમાં એટલા બધા લગ્નો છે કે ઘણા વસાહતીઓને તો કોના લગ્નમાં જવું અને કોના લગ્નમાં ન જવું તેની મુંઝવણ સતાવી રહી છે. શહેરમાં જાણે નવરાત્રીનો માહોલ છવાયો છે કારણ કે લગ્નના ગરબાઓ ઠેર ઠેર યોજાઈ રહ્યા છે. શહેરની લગ્નવાડીઓ ઉપરાંત વિવિધ સમાજના હોલ, બગીચાઓ અને પાર્ટીપ્લોટ બધા જ બુક છે. મંડપ ડેકોરેટર્સ, કેટરર્સ અને ગોર મહારાજને તો શ્વાસ લેવાની પણ ફુરસદ નથી. શહેરથી થોડેક દૂર આવેલા પાર્ટીપ્લોટોમાં પણ આવા જ દશ્યો જોવા મળી રહ્યા છે. લગ્ન મુહૂર્ત હવે થોડાક જ દિવસો છે. ૧૫મી ડિસેમ્બર પછી કમુરતા બેસી રહ્યા છે. કમુરતા પહેલાના સારા દિવસોમાં લગ્નોની જાણે લઈને લાગી છે. આગામી બે-ત્રણ દિવસોમાં પણ આવી જ સ્થિતિ જોવા મળશે. શનિ-રવિની રજાઓમાં મહત્તમ લગ્નો અને રિસેપ્શન યોજાશે. લગ્નની સીઝનના કારણે શહેરમાં ચહેલપહેલ વધી છે. માર્ગો પર મોડી રાત સુધી ગાડીઓની અવરજવર જોવા મળે છે. ઠંડી હોવા છતાં લગ્નોની સીઝનના કારણે મોડીરાત્રે પણ શહેર જાણે જીવંત લાગે છે.


SANGHI CEMENT

C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500

TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com